પત્રિકા
૧૫૮

# ચિરાગે હિદાયત

૧૧/૦૫/૧૮
૨૪ શાબાન

## માઅરેફતે ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)

દીને ઈસ્લામના દરેક અકીદા અને દરેક હુકમ મજબુત ઈલ્મી બુનિયાદો ઉપર આધારિત છે. ઈસ્લામ તમામ લોકોને ગૌરો ફિક્ર, તલાશ અને સંશોધનની દાવત આપે છે. આંખ બંધ કરી કોઈની તકલીદ કરી લેવાનું નામ ઈસ્લામ નથી. દીને ઈસ્લામ ઈન્સાનને ઝિંદગીનો મકસદ બતાવે છે. જે ખુદાની ઈબાદત છે અને ઈબાદત માટે ખુદાની માઅરેફત જરૂરી છે.

ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ ફરમાવ્યું છે :

**''ચોક્કસ તે જ શખ્સ ખુદાની માઅરેફત રાખે છે અને તેની ઈબાદત કરે છે જે અમો એહલેબૈત(અ.મુ.સ.)થી પોતાના ઝમાનાના ઈમામ(અ.સ.)ની માઅરેફત રાખે છે.''** *(કાફી : ૧/૧૮૧)*

તો આ હદીસથી એ જાણવા મળ્યું કે માઅરેફતે ખુદા માટે પોતાના સમયના ઈમામ(અ.સ.)ની માઅરેફત જરૂરી છે. આ માઅરેફત ફકત ઈમામતના અકીદા પૂરતી જ જરૂરી નથી. પરંતુ તૌહીદનો અકીદો કે જે તમામ અકાએદ અને આમાલની બુનિયાદ છે. તેની સંપૂર્ણતા માટે પણ ઈમામે વકત(અ.સ.)ની માઅરેફત જરૂરી છે. માઅરેફત ઈબાદતની રૂહ છે અને ઈબાદત ફકત અમુક આમાલનું નામ નથી. બલ્કે ઝિંદગીનું દરેક કાર્ય જે ખુદાવંદે આલમની મરજી મુજબ અંજામ આપવામાં આવે તે ઈબાદત છે.

આવો! આપણે એ વાકેઓ જોઈએ જેમાં ઈમામે ઝમાના(અ.સ.) અલી બિન મહેઝીયાર કે જેઓને ઈમામે ઝમાના(અ.સ.)ની મુલાકાત થાય છે તેમને ઈમામ(અ.સ.) શું કહે છે તે જાણીએ કે જે આપણા બધા માટે દર્સ છે.

### * *અલી બિન મહેઝીયારની ઈમામે ઝમાના(અ.સ.) સાથે મુલાકાતઃ*

અલી બિન મહેઝીયાર(રહ.)એ શખ્સ હતા જેઓ ઈમામે ઝમાના(અ.સ.)ની મુલાકાતની નિય્યતથી ૧૯ વખત હજ કરવા જાય છે. પણ તેમને મુલાકાત થતી નથી. ૨૦ મી વખતે તેઓ વિચારે છે કે આ વખતે શું કરૂં? ત્યારે તેમને ઈલ્હામ થાય

છે કે ચાલો કદાચને આ વખતે ઈમામ(અ.સ.)થી મુલાકાત થઈ જાય.

હવે અલી બિન મેહઝીયાર હજ ઉપર જવા રવાના થાય છે અને દરેક પળે તેમની આંખો ઈમામ(અ.સ.)ને શોધતી રહે છે. કયારેક મદીનામાં, ક્યારેક મસ્જીદે નબવીમાં, કયારેક જન્નતુલ બકીમાં તો કયારેક ખાને કાબાનો તવાફ કરતા સમયે. હવે અલી બિન મેહઝીયાર હજ પૂરી કરે છે પણ થોડો સમય મક્કામાં રોકાય છે અને એક દિવસ જયારે તેઓ ખાનએ કાબાનો તવાફ કરી રહ્યા હોય છે અને બરાબર ખાનએ કાબાના દરવાજાની સામે આવીને ઉભા હોય છે કે તેમની પાસે એક શખ્સ આવે છે અને તેમને પૂછે છે કે ''તમે કોણ છો અને તમને શું જોવે છે? શા માટે અહીં આવ્યા છો?''

ત્યારે અલી બિન મેહઝીયાર કહે છે કે ''હું અલી બિન મેહઝીયાર છું અને મારા ઈમામ(અ.સ.)ને મળવા માટે અહીં આવ્યો છું'' ત્યારે એ શખ્સ કહે છે કે ''અલી બિન મેહઝીયાર તમને ઈમામ(અ.સ.)ને મળવું હોય તો તમે હજરે અસ્વદ અને સફાના પહાડની વચ્ચે રાહ જોજો.'' આ સાંભળતા જ અલી બિન મેહઝીયારની ખુશીની કોઈ સીમા ન રહી અને તેઓ બતાવેલી જગ્યા ઉપર રાહ જોઈ રહયા હતા. ત્યાં તેજ શખ્સ આવ્યો અને તેમને સાથે લઈ ગયો અને વાદીઓમાંથી પસાર થતા રહ્યા. એક પછી એક વાદીને પાર કરીને એક એવી જગ્યાએ પહોંચ્યા જે ખૂબજ ખુશનુમા જગ્યા હતી. તેની નજર દૂર એક તંબુ ઉપર પડી.

તે શખ્સે કહ્યુ ''મારી પાછળ આવો.'' જયારે તેઓ બંને તે તંબુમાં દાખલ થયા. ત્યારે ઈમામ(અ.સ.)ની ઝિયારતનો શરફ હાંસિલ થયો. મેં ઈમામ(અ.સ.)ને સલામ કરી, ઈમામ(અ.સ.)એ મારા સલામનો જવાબ આપ્યો અને કહ્યુ ''અલી બિન મેહઝીયાર તમે આવવામાં આટલું મોડું શા માટે કર્યુ? અમે સવાર અને સાંજ તમારી રાહ જોતા હતા.'' અલી બિન મેહઝીયાર કહે છે કે ''મારા આકા મને તમારા સુધી પહોંચાડવાવાળું કોઈ ન હતુ.''

ઈમામ(અ.સ.) કહે છે ''તમને કોઈ ન મળ્યું જે તમને અમારી સુધી પહોંચાડે!! ના, એવું નથી બલ્કે તમારી અને અમારી મુલાકાત ન થવાનું કારણ આ છે કે

૧) તમે દુનિયાનો માલ ભેગો કરવામાં લાગેલા હતા.

૨) તમે તમારા રિશ્તેદારો સાથે કત્એ રહેમી કરતા હતા અને

૩) તમે ગરીબો અને નબળા મોઅમીનો ઉપર અભિમાન કરતા હતા.

હવે કહો! શું તમારા આ કાર્યો એવા હતા કે તે તમને અમારી મુલાકાત માટે લઈ આવે?'' અલી બિન મેહઝીયારે ઈમામ(અ.સ.)ની બારગાહમાં પોતાના ગુનાહોની માફી માંગી.

તો અઝીઝો! આ વાકેઆથી આપણને જાણવા મળ્યું કે ઈબાદત ફકત નમાઝ, રોઝા અને હજનું નામ નથી બલ્કે અલ્લાહે બતાવેલ હુકમો પ્રમાણે ઝિંદગી ગુઝારવાનું નામ ઈબાદત છે અને એ આપણા ગુનાહો જ છે જે આપણને અલ્લાહ અને ઈમામ(અ.સ.)ની માઅરેફતથી દૂર કરી દે છે અને આ જ ગુનાહોને કારણે આપણે ઈમામ(અ.સ.)ની નઝદીકી નથી પ્રાપ્ત કરી શકતા.

જયારે ઈમામ(અ.સ.)ની માઅરેફત હોય છે તો મોઅમીનોના દિલોમાં તેમના આદાબ સ્પષ્ટ અને સ્થાપિત હશે.

જનાબ મોહમ્મદ બિન મુસ્લીમે હઝરત ઈમામ મોહમ્મદ બાકીર(અ.સ.)થી નીચે મુજબ રિવાયતની નોંધ કરી છે.

**''જે શખ્સ ખુદાવંદે આલમ તરફથી નિયુક્ત ઈમામની માઅરેફત વગર અલ્લાહનો દીન ઈખ્તેયાર કરે છે અને ઈબાદતમાં ખૂબજ વધારે કોશિશ કરે છે તેનો કોઈ અમલ ખુદાની બારગાહમાં કબૂલ નહિં થાય, તે ગુમરાહ અને હૈરાન છે. ખુદાવંદે આલમ તેના આમાલને નાપસંદ કરે છે.''** (કાફી, ભાગ-૧, પેજ નં.૧૮૩, હ. ૮)

માઅરેફત મેળવવા માટેનો અત્યંત મહત્વનો રસ્તો દુઆ છે.

દુઆ જો ખુલુસથી માંગવામાં આવે તો શું નથી મળતું?! ગુનાહો માફ થઈ શકે છે, બલંદ દરજ્જાઓ હાંસિલ થાય છે અને ઈમામો(અ.સ.)એ આપણને એ દુઆઓ તાલીમ પણ કરી છે કે જેમાં માઅરેફત માંગવામાં આવી છે અને જેને ગયબતના ઝમાનામાં વારંવાર પઢવાની તાકીદ પણ કરવામાં આવી છે.

* દુઆએ દર ગયબત:

અલ્લાહુમ્મા અર્રીફની નફસક ફ ઈન્નક ઈલ્લમતો અર્રીફની
નફસક લમ આઅરેફો રસૂલક અલ્લાહુમ્મ અર્રીફની રસૂલક
ફ ઈન્નક ઈલ્લમતો અર્રીફની રસૂલક લમ આઅરેફો હુજ્જતક
ફ ઈન્નક લમતો અર્રીફની હુજ્જતક ઝલલ્તો અનદીની.

ખુદાયા! મને તારી માઅરેફત અતા કર, બેશક અગર તે તારી માઅરેફત ન કરાવી તો તારા રસૂલની માઅરેફત નથી થઈ શકતી.

ખુદાયા! મને તારા રસૂલની માઅરેફત અતા કર, બેશક અગર તે તારા રસૂલની માઅરેફત ન કરાવી તો તારી હુજ્જતની માઅરેફત નથી થઈ શકતી.

ખુદાયા! મને તારી હુજ્જતની માઅરેફત અતા કર, બેશક અગર તે તારી હુજ્જતની માઅરેફત અતા ન કરાવી તો હું દીનથી ગુમરાહ થઈ જઈશ.

હદીસો, રિવાયતો અને આયતોથી બિલ્કુલ સ્પષ્ટ છે કે ઝમીન હુજ્જતે ખુદા વગર બાકી રહી શકતી નથી. તો તે દરેક શખ્સ કે જે ઝમીન ઉપર ઝિંદગી ગુજારે છે તેની જવાબદારી છે કે જે ઝમાનામાં તે ઝિંદગી ગુજારી રહ્યો છે તે ઝમાનાના ઈમામ(અ.સ.)ની માઅરેફત હાંસિલ કરે કે જેથી તેમની ઈતાઅત ગુઝારી થઈ શકે. આ માટે કે ઈમામ(અ.સ.)ની માઅરેફત ન હોવી તે શખ્સને જાહેલિયતની મૌત તરફ લઈ જાય છે.

આ પછી આમ કહેવું યોગ્ય છે કે ઈમામની માઅરેફતનું ન હોવું તે ઈન્સાનને દુનિયા અને આખેરતમાં નુક્સાન ઉઠાવનારાઓમાં શામેલ કરી દે છે.

અઝીઝો! પરવરદિગારની બારગાહમાં દુઆ કરીએ કે અલ્લાહ તઆલા આ આખરી ઝમાનામાં આપણને બધાને ઈમામ(અ.સ.)ની વધારેમાં વધારે માઅરેફત અતા કર અને તેની રૂકાવટના રસ્તાઓને અમારાથી દૂર કર અને માઅરેફત હાંસિલ કરવાની બેહતરીન તૌફીક ઈનાયત કર અને અમારા ઈમામ(અ.સ.)ના ઝહુરમાં જલ્દી કર.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com